


# NEET પરીક્ષાનાં પેપર કેમ વારંવાર લીક થાય છે?

ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર એટલો વધી ગયો છે કે સરકારી એજન્સી એક પરીક્ષા પણ કોઈ પણ જાતના અંતરાય વગર લઈ શકતી નથી. ભારતભરના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે NEET પરીક્ષા આપી હતી. તેમને આશા હતી કે આ પરીક્ષા તેમના જીવનમાં પરિવર્તન લાવશે. નવ દિવસ પછી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ સંપૂર્ણ NEET પરીક્ષા રદ કરી હતી. પુનઃપરીક્ષાની નવી તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા વધી ગઈ છે અને લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ડામાડોળ બની ગયું છે.

NEET-UG એ દેશભરમાં અંડરગ્રેજ્યુએટ તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની એકમાત્ર એકીકૃત મેડિકલ પ્રવેશ પરીક્ષા છે. આ પરીક્ષાએ અગાઉ લેવામાં આવતી ઘણી રાજ્યસ્તરીય તબીબી પ્રવેશ પરીક્ષાઓનું સ્થાન લીધું છે અને તે બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં માન્ય છે, પરંતુ વારંવાર થતાં પેપર લીકથી ફરી એકવાર NTA ની પરીક્ષાઓ નિષ્પક્ષ રીતે યોજવાની સરકારની ક્ષમતા પર પ્રશ્નો ઊભા થયા છે. ૨૦૨૪ માં પણ પરીક્ષાનું પેપર લીક થયું હતું અને ગ્રેસ માર્ક્સ આપવામાં અનિયમિતતાના આરોપો થયા હતા, જેના કારણે હજારો ઉમેદવારોએ અસામાન્ય રીતે ઊંચા માર્ક્સ મેળવ્યા બાદ દેશભરમાં વિરોધ પ્રદર્શનો થયાં હતાં. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) આ આરોપોની તપાસ કરી રહી છે. સમગ્ર ભારતમાં અનેક ધરપકડો અને અટકાયત કરવામાં આવી છે. પરીક્ષા રદ થયાના એક દિવસ પછી ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં કોર્ટના નિરીક્ષણ હેઠળ ફરીથી પરીક્ષા લેવાની અને NTA ના પુનર્ગઠનની માંગણી કરવામાં આવી હતી. સૌથી મોટી સમસ્યા એ છે કે પરીક્ષા કેન્દ્રો, નિરીક્ષકો અને સ્ટાફ માટે NTA આઉટસોર્સિંગ પર ભારે નિર્ભર છે, કારણ કે NTA તેના પરીક્ષાના માળખાંના મોટા ભાગને સીધી રીતે નિયંત્રિત કરતું નથી, જેના કારણે ગરબડો ઊભી થાય છે.

JEE જેવી એન્જિનિયરિંગ પરીક્ષાઓ હવે ઓનલાઈન થાય છે, જ્યારે NEET હજુ પણ પરંપરાગત પેન-એન્ડ-પેપર પરીક્ષા છે. દેશભરના આશરે ૫,૫૦૦ પરીક્ષા કેન્દ્રો પર હજારો પ્રશ્નપત્રો સુરક્ષિત વાહનોમાં પરિવહન કરવા પડે છે, જેના કારણે સમગ્ર પરિવહન શૃંખલા સુરક્ષા ભંગ માટે શંકાસ્પદ બને છે. આ પરીક્ષામાં બે લાખથી વધુ સ્વયંસેવકો, વિક્રેતાઓ અને અધિકારીઓ ભાગ લે છે. પ્રશ્નપત્રો ડિજિટલ લોકમાં રાખવામાં આવે છે અને પરીક્ષાના ૪૫ મિનિટ પહેલા તે આપમેળે અનલોક થઈ જાય છે. આટલા મોટા પાયે પરીક્ષા લેવાથી પેપર લીક થવાની શક્યતા વધી જાય છે.

NTA પહેલાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) મેડિકલ માટે NEET અને એન્જિનિયરિંગ માટે JEE જેવી પરીક્ષાઓ લેતું હતું, જ્યારે રાજ્ય બોર્ડ અને યુનિવર્સિટીઓ પોતાની પ્રવેશ પરીક્ષાઓ લેતી હતી. NTA ની સ્થાપના નવેમ્બર ૨૦૧૭ માં ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રવેશ પરીક્ષા પ્રણાલીમાં વિશ્વસનીયતા લાવવા અને વિદ્યાર્થીઓને બહુવિધ પરીક્ષાઓના બોજમાંથી મુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ એજન્સી ૧૫થી વધુ પરીક્ષાઓ કરે છે. NTA સતત સમસ્યાઓથી ઘેરાયેલું છે અને તેના પર પારદર્શિતા અને જાહેર જવાબદારીનો અભાવ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સ્ટાફની અછત બીજી સમસ્યા છે. NTA અસંખ્ય પરીક્ષાઓ લે છે, પણ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં તેની પાસે ફક્ત ૨૨ કાયમી કર્મચારીઓ હતા. સાથે ૩૮ કોન્ટ્રાક્ટ પરના અને ૧૩૮ આઉટસોર્સ્ડ કામદારો હતા. પ્રશ્ન એ છે કે તે આટલી બધી પરીક્ષાઓ અને આટલા બધા પરીક્ષા કેન્દ્રોનું સંચાલન કેવી રીતે કરશે. એવું લાગતું નથી કે કોઈ સંસ્થા રાષ્ટ્રીય સ્તરે આટલી બધી પરીક્ષાઓ કરવા માટે પૂરતા પ્રમાણમાં તૈયાર હોય. રાધાકૃષ્ણન સમિતિએ NTA નું પુનર્ગઠન કરવાની અને બે લાખથી વધુ ઉમેદવારોને સંડોવતી પરીક્ષાઓ માટે બહુવિધ સત્રોની ભલામણ કરી હતી. આમાંની કેટલીક ભલામણો સરકારે લાગુ કરી છે, જેમાં ૧૬ કાયમી નેતૃત્વ પદો ઉમેરવાનો સમાવેશ થાય છે.

**NTA ૧૫ પરીક્ષાઓ લે છે, પણ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં તેની પાસે ફક્ત ૨૨ કાયમી કર્મચારીઓ હતા. સાથે ૩૮ કોન્ટ્રાક્ટ પરના અને ૧૩૮ આઉટસોર્સ્ડ કામદારો હતા**

**ટાઈમ લાઈન**
**સંજય વોરા**

નિષ્ણાતો કહે છે કે NEET ની પરીક્ષા હજુ પણ પેન અને કાગળનો ઉપયોગ કરીને લેવામાં આવે છે, જેથી તમામ આર્થિક અને ભૌગોલિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને સમાન તકો મળી શકે. ગરીબ અથવા ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર સરળતાથી સુલભ ન હોઈ શકે, પરંતુ આ દલીલ પર હવે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની સાત સભ્યોની પેનલે પેન અને પેપર પરીક્ષાઓથી ધીમે ધીમે કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ તરફ આગળ વધવાની ભલામણ કરી હોવાનું કહેવાય છે. એવું કહેવાય છે કે કમ્પ્યુટર આધારિત પરીક્ષા ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે કદાચ અન્યાયી હશે, પરંતુ છેલ્લાં ૫-૧૦ વર્ષમાં ઈન્ટરનેટની પહોંચમાં નોંધપાત્ર વધારો થયો છે. પરીક્ષાના ફોર્મેટમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

ઘણા શિક્ષણવિદોએ એક મૂળભૂત વાંધો ઉઠાવ્યો છે કે કેન્દ્રીય પરીક્ષા પ્રણાલી એક ખામીયુક્ત મોડેલ છે. ઉચ્ચ સ્પર્ધાવાળી પરીક્ષા એક એવું વાતાવરણ બનાવે છે, જે ભારતના ખર્ચાળ કોચિંગ ઉદ્યોગની તરફેણ કરે છે અને જે વિદ્યાર્થીઓને તે પરવડી શકતું નથી તેમને નુકસાન પહોંચાડે છે. પ્રવેશ પરીક્ષા એવા વિદ્યાર્થીઓ સામે કામ કરે છે, જે કોચિંગનો ખર્ચ ઉઠાવી શકતા નથી. પ્રખ્યાત શિક્ષણવિદ અનિતા રામપાલે પણ કહ્યું છે કે કેન્દ્રીયકૃત પરીક્ષાઓ એવા વિદ્યાર્થીઓને લાભ આપે છે, હકીકતમાં તબીબી શિક્ષણ ખર્ચાળ બની ગયું છે, તે સૌથી મોટી સમસ્યા છે. સરકારી મેડિકલ કોલેજોની ફી ૨ થી ૪ લાખ રૂપિયા સુધીની હોય છે, જ્યારે ખાનગી સંસ્થાઓ ૧ કરોડ રૂપિયા સુધીની ફી વસૂલ કરી શકે છે. જો સરકારી અને ખાનગી કોલેજોની બેઠકો વચ્ચે ૮૫-૯૦ લાખ રૂપિયાનો તફાવત હોય તો વિદ્યાર્થીઓ પેપર ખરીદવા માટે ૩૦ લાખ રૂપિયા ચૂકવવામાં અચકાતા નથી. જેમણે પેપર લીક કર્યું છે તેઓ જાણે છે કે આટલી ઊંચી કિંમતે પણ ખરીદદારો હોય છે.

# 'ડેથ ઓફ અ સેલ્સમેન': ખોટા સપનાઓનો કરુણ અંત!

સાહિત્યની દુનિયામાં અમુક કૃતિઓ એવી હોય છે જે માત્ર વંચાતી નથી, પણ અનુભવાય છે. આર્થર મિલરનું ૧૯૪૯માં આવેલું નાટક 'ડેથ ઓફ અ સેલ્સમેન' આવું જ એક માસ્ટરપીસ છે. જો તમે એમ વિચારતા હોવ કે આ કોઈ સેલ્સમેનની ટિપ્સ આપતી બોરિંગ સ્ટોરી હશે, તો તમે સાવ ખોટા છો. આ તો મધ્યમ વર્ગના માણસની આશાઓ, નિષ્ફળતાઓ અને ભ્રમણાઓનું એક એવું 'કોકટેલ' છે જે પીધા પછી ગળે ડૂમો ભરાઈ જાય.

આર્થર મિલરનું સુપ્રસિદ્ધ નાટક 'ડેથ ઓફ અ સેલ્સમેન' આજે પણ વિશ્વભરમાં અનેક જગ્યાએ ભજવાય છે.

આ નાટક આજે પણ એટલું જ પ્રાસંગિક છે, જેનો પુરાવો ન્યૂયોર્કના વિન્ટર ગાર્ડન થિયેટર અને કેનેડાના સિટાડેલ થિયેટર ખાતે ચાલતા તેના હાઉસફુલ શો છે. નાથન લેન જેવા દિગ્ગજ કલાકારો જ્યારે વિલી લોમેન બનીને સ્ટેજ પર આવે છે, ત્યારે પ્રેક્ષકોને સમજાય છે કે આ વાર્તા માત્ર અમેરિકાની નથી, પણ દરેક એવા વ્યક્તિની છે જે સફળતાની આંધળી દોટમાં પોતાની જાતને ખોઈ બેસે છે. આ નાટક ૬ માર્ચ, ૨૦૨૬ થી શરૂ થયું છે અને ૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલવાનું છે.

**મુખ્ય કલાકારો:** આ અત્યંત ચર્ચિત પ્રોડક્શનમાં વિલી લોમેન તરીકે જાણીતા હોલિવૂડ એક્ટર નાથન લેન અને લિન્ડા તરીકે લૌરી મેટકાફ એક્ટિંગ કરી રહ્યાં છે. આ નાટકને હાલમાં જ અનેક 'ટોની એવોર્ડ્સ' માટે નોમિનેશન મળ્યું છે.

કેનેડાના એડમોન્ટનમાં સિટાડેલ થિયેટર ખાતે પણ જાન્યુઆરી ૨૪ થી ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૬ દરમિયાન આ નાટક ભજવવામાં આવ્યું હતું.

આ પહેલા હડસન થિયેટર, ન્યૂયોર્ક ખાતે સપ્ટેમ્બર ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૦૨૩ સુધી આ નાટક ભજવાયું હતું, જેમાં વેન્ડેલ પિયર્સે વિલી લોમેનનું પાત્ર ભજવ્યું હતું.

આ નાટક વિલી લોમેન નામના એક વૃદ્ધ સેલ્સમેનની વાત છે જે 'અમેરિકન ડ્રીમ' પાછળ દોડતા દોડતા માનસિક રીતે ભાંગી પડે છે. તે આધુનિક યુગનું સૌથી શક્તિશાળી અને દુઃખદાયક નાટક માનવામાં આવે છે.

**કોણ છે આ વિલી લોમેન?**

નાટકનો મુખ્ય નાયક છે વિલી લોમેન. ૬૩ વર્ષની ઉંમર, થાકેલું શરીર અને મનમાં વર્ષો જૂની એ જ જીદ કે મારે સફળ થવું છે! વિલી એક ટ્રાવેલિંગ સેલ્સમેન છે, જેણે પોતાની આખી જિંદગી રસ્તાઓ પર કાર ચલાવવામાં અને સેમ્પલની બેગ ઉંચકવામાં વિતાવી દીધી. પણ પ્રોબ્લેમ એ નથી કે તે ગરીબ છે; પ્રોબ્લેમ એ છે કે તે 'ખોટા સપનાઓનો સેલ્સમેન' છે. વિલી માને છે કે જો તમે 'વેલ લાઈક્ડ' હોવ અને તમારી પર્સનાલિટી જોરદાર હોય, તો દુનિયા તમારા કદમોમાં છે. તે પોતાના બે દીકરાઓ, બિફ અને હેપ્પીને પણ આ જ શીખવાડે છે. પણ હકીકત એ છે કે જમાનો બદલાઈ ગયો છે. હવે પર્સનાલિટી નહીં, પણ 'પ્રોફિટ' જોવાય છે.

**કર્ટનકોલ**

**જ્યારે ભૂતકાળ વર્તમાન સાથે અથડાય છે:**

આ નાટક કોઈ સીધી લીટીમાં ચાલતી વાર્તા નથી. આર્થર મિલરે અહીં કમાલની ટેકનિક વાપરી છે. વિલી અત્યારે જે ઘરમાં બેઠો છે, ત્યાં જ અચાનક તેને ૨૦ વર્ષ જૂની વાતો યાદ આવે છે. પ્રેક્ષકો માટે સ્ટેજ પર એક જ સમયે ભૂતકાળ અને વર્તમાન ભેગા થાય છે.

**બિફ લોમેન:** જે ક્યારેક ફૂટબોલ સ્ટાર હતો, આજે ૩૪ વર્ષની ઉંમરે ખેતરોમાં મજૂરી કરે છે. તે પોતાના પિતાના ખોટા આદર્શોથી કંટાળી ગયો છે.

**લિંડા લોમેન:** વિલીની પત્ની. તે આખા નાટકનું સૌથી મજબૂત અને કરુણ પાત્ર છે. તે જાણે છે કે તેનો પતિ પાગલ થઈ રહ્યો છે, તે જાણે છે કે તે આત્મહત્યાના પ્રયાસો કરે છે, છતાં તે તેને સાચવે છે. તેની પેલી લાઈન જગવિખ્યાત છે: 'Attention, attention must finally be paid to such a person.' (ધ્યાન આપો, આખરે આવા માણસ તરફ (સમાજનું) ધ્યાન ખેંચાવું જ જોઈએ.)

**અમેરિકન ડ્રીમ: એક રંગીન ભ્રમ:**

આ નાટકનો અસલી વિલન કોઈ માણસ નથી, પણ 'અમેરિકન ડ્રીમ' છે. એવો વિચાર કે જો તમે સખત મહેનત કરશો તો તમે અમીર બનશો જ. વિલી આ સપનાના નશામાં ચકચૂર છે. તેને લાગે છે કે તેનો દીકરો બિફ એક દિવસ મોટો બિઝનેસમેન બનશે, પણ બિફને તો ખુલ્લી આકાશ નીચે કામ કરવું ગમે છે.

વિલીનો ભાઈ બેન, જે નાટકમાં માત્ર વિલીની યાદોમાં આવે છે, તે વિલી માટે સફળતાનું પ્રતીક છે. બેન કહે છે, 'હું જ્યારે જંગલમાં ગયો ત્યારે ૨૧ વર્ષનો હતો અને જ્યારે બહાર આવ્યો ત્યારે અમીર હતો!' વિલી આ જ શોર્ટકટની શોધમાં પોતાની જિંદગી હોમી દે છે.

**સેલ્સમેનનું છેલ્લું વેચાણ:**

નાટકનો અંત ધ્રુજાવી દેનારો છે. જ્યારે વિલીને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે અને તેને સમજાય છે કે તે પોતે તો ઠીક, તેનો દીકરો બિફ પણ 'સફળ' નહીં થાય, ત્યારે તે એક ભયાનક નિર્ણય લે છે.

વિલી વિચારે છે કે જો તે મરી જાય, તો તેના પરિવારને ૨૦,૦૦૦ ડૉલરનું ઈન્સ્યોરન્સ મળશે. એટલે કે, જીવતા વિલી કરતા મરેલો વિલી વધુ કિંમતી છે!

તે પોતાની કાર એક્સિડન્ટમાં ભગાવીને આત્મહત્યા કરી લે છે. આ તેનું છેલ્લું 'સેલ્સ' હતું પોતાના મોતનું વેચાણ.

**આ નાટક આજે પણ કેમ રિલેટેબલ છે?**

ભલે આ નાટક ૧૯૪૦ના અમેરિકાની વાત કરતું હોય, પણ આજે ૨૦૨૬માં પણ તે એટલું જ તાજું લાગે છે. જો તમે સાહિત્યના શોખીન હોવ, તો આ નાટક તમારે 'મસ્ટ-રીડ' લિસ્ટમાં હોવું જ જોઈએ. કારણ કે આપણે બધા ક્યાંક ને ક્યાંક, કંઈક ને કંઈક વેચી જ રહ્યા છીએ ક્યારેક સામાન, તો ક્યારેક આપણી જાતને! વિલી લોમેનના અંતિમ સંસ્કાર વખતે કોઈ ભીડ ઉમટતી નથી, જે સાબિત કરે છે કે તે જે 'લોકપ્રિયતા' પાછળ ભાગતો હતો તે માત્ર એક ભ્રમ હતો. આ નાટક જોયા કે વાંચ્યા પછી એક વાત ચોક્કસ થાય છે: તમે તમારી જાતને પૂછશો કે, 'શું હું પણ કોઈ એવા સપના પાછળ તો નથી ભાગી રહ્યો ને, જે મારું છે જ નહીં?'



**જો તમે સાહિત્યના શોખીન હોવ, તો આ નાટક તમારે 'મસ્ટ-રીડ' લિસ્ટમાં હોવું જ જોઈએ. કારણ કે આપણે બધા ક્યાંક ને ક્યાંક, કંઈક ને કંઈક વેચી જ રહ્યા છીએ ક્યારેક સામાન, તો ક્યારેક આપણી જાતને!**



## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારુ



**આડી ચાવી**

૧. હરખના ઉભરાની તાળી (૪)
૪. ચાર તારવાળું એક તંતુવાદ્ય (૪)
૮. મજબૂત કે ટકે નહિ એવું (૪)
૧૦. લાયકી, યોગ્યતા (૪)
૧૨. ખુશબો, મહેક (૪)
૧૪. ભાવ, તાત્પર્ય (૪)
૧૬. અવાજ, ધૂન (૨)
૧૭. પરીક્ષા (૪)
૧૯. સિંહની ગર્જના (૩)
૨૧. વણજારાની પોઠ કે કાફલો (૪)
૨૩. લશ્કરી વહાણ (૪)
૨૪. યોગ્ય કિંમત કરવી (૩)
૨૬. હાર, પંક્તિ (૩)
૨૮. પહેરવેશ (૩)
૨૯. કાપડ-કાગળ વગેરેના નાના ટુકડા (૪)
૩૧. કાચી ઉંમરની છોકરી (૩)
૩૩. સાચા મનનું (૪)
૩૫. મરે નહિ એવું (૩)
૩૭. ઢીલ, વિલંબ (૨)
૩૮. એક મિઠાઈ (૪)
૪૦. શ્રાવણી પૂર્ણિમાની ભાઈ તરફની બહેનને ભેટ (૫)
૪૩. કાગડો (૨)
૪૪. મોટી નદી (૨)
૪૭. ઘોડો (૨)
૪૮. મહેરબાની, માન, ભેટ (૪)
૫૦. દોરડા પર નાચનાર (૨)
૫૧. છેડો, અંત (૨)
૫૨. નોળિયો (૩)
૫૪. મામાની પત્ની (૨)
૫૫. રોગવાળું (૨)
૫૬. અભિપ્રાય (૨)
૫૭. ગધેડો (૨)
૫૮. ન ખાવું તે, ઉપવાસ (૪)
૬૧. આદર (૨)
૬૨. આશય, હેતુ (૪)
૬૩. શ્રીવિષ્ણુ (૪)
૬૪. આતુરતા (૩)
૬૬. રિવાજ (૩)
૬૭. દેવ- દેવીએ આપેલું વચન (૪)
૬૮. લક્ષ્મી,શોભા (૧)

**ઊભી ચાવી**

૧. ગરીબ (૨)
૨. કેળવણી, શિક્ષણ (૩)
૩. ગરીબ (૨)
૪. ફરિયાદી, મદારી (૨)
૫. મજા, આનંદ (૩)
૬. દેહ, શરીર (૨)
૭. વિજય, ફત્તેહ (૨)
૮. કાંઠો, કિનારો (૨)
૯. એક વગડાઉ પંખી (૩)
૧૦. હોઠ (૨)
૧૧. અઘટિત વેણ (૩)
૧૨. ઉપાધિ, દરજ્જો (૨)
૧૩. પીડા, આપદા (૩)
૧૪. એક વજન (૨)
૧૫. લગ્નની મોસમ (૫)
૧૬. સરદાર, આગેવાન (૩)
૧૭. પારકું, અન્ય (૨)
૧૮. શક્તિ, ખમી લેવું તે (૩)
૧૯. બીકણ (૪)
૨૦. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૨૧. પતિ (૨)
૨૨. ઉજાણી, મિજબાની (૩)
૨૫. દબાવવું કે પીડવું તે (૩)
૨૬. અન્નનો દાણો (૨)
૨૭. ધારો, પ્રથા (૩)
૨૯. હાથ (૨)
૩૦. રસ ધરાવતો માણસ (૩)
૩૨. દેવા પેટે આડમાં મૂકેલું (૩)
૩૩. મધ્યયુગને લગતું (૫)
૩૪. ચૂલો (૨)
૩૫. '' ....એવો ઓડકાર'' (૨)
૩૬. પ્યાલો (૨)
૩૭. રક્ષક, મુરબ્બી (૨)
૩૮. દરજ્જો (૨)
૩૯. વાક્ય, આદેશ (૩)
૪૧. વિદાયગીરી (૪)
૪૨. સરોવર (૨)
૪૪. સારું વર્તન (૨)
૪૫. આકાશ, ગગન (૨)
૪૬. તંતુ, દોર (૨)
૪૭. જમીન ખેડવાનું ઓજાર (૨)
૪૮. અમૃત, મીઠાશ (૨)
૪૯. રાજાને કરાતું સંબોધન (૩)
૫૧. ખુવારી, બરબાદી (૪)
૫૩. કૂવાવાળી જમીન (૪)
૫૪. મારવું તે (૨)
૫૫. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૫૭. સમાચાર (૩)
૫૮. દુશ્મન (૨)
૫૯. હોશ, આવડત (૩)
૬૦. કસબ, હુન્નર (૨)
૬૩. અમિતાભની એક ફિલ્મ (૨)
૬૪. ધૂન, મસ્તી (૨)
૬૫. લતા (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

